# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **ગુરૂવાર તા.૨૮–૧૧–૨૦૨૪ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧૧–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં ટી.પી.૮(ઉમરવાડા), ફા.પ્લોટ નં.૧૪૩ પૈકી સુરત ટેક્ષટાઈલ માર્કેટની બાજુમાં આવેલ ઓપન પ્લોટમાં પે એન્ડ પાર્કનો ઈજારો સોંપવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર સમા એન્ટરપ્રાઈઝની રૂા.૨૧,૫૧,૭૮૬/– તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.ની ચુકવણી અલગથી કરવાની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧૧–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.માં ટી.પી.૦૭(આંજણા), ફા.પ્લોટ નં.૭૭, રઘુકુળ ટેક્ષ.માર્કેટની બાજુમાં આવેલ ઓપન પ્લોટમાં પે એન્ડ પાર્કનો ઈજારો સોંપવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર વાસુ ડેવલોપરની રૂા.૧૭,૬૮,૮૯૯/– તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.ની ચુકવણી અલગથી કરવાની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧૧–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના સાઉથ વેસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર), ફા.પ્લોટ નં.૧૨૨ કાપડીયાવાડીની પાછળ આવેલ ઓપન પ્લોટમાં "પે એન્ડ પાર્ક" નિયત કરેલ જગ્યામાં ૧(એક) વર્ષના સમયગાળા માટે પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર કાપડીયાવાડીની વાર્ષિક ઓફર રકમ રૂા.૭૫,૦૦૦/– મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૯–૧૧–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઝોન–એ, સબઝોન–૩ વિસ્તારમાં વડોદ ગામ ખાતે આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત પ્રાથમિક શાળા નં.૩૩ ના મકાનને તોડી માલ સામાન લઈ જવાના કામે આવેલ કુલ–૬ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી મહતમ ઓફર આપનાર ટેન્ડરર આલ્ફા એન્ટરપ્રાઈસની મા.સા.સ.ઠ.નં.૧૮૬/૨૦૨૪ થી મંજુર થયેલ સ્ક્રેપ વેલ્યુ રૂા.૭,૭૧,૨૮૦/– થી ૧૭.૯૯% ઉંચી એટલે કે રૂા.૯,૦૯,૯૯૯/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૧૧–૨૦૨૪ નો પત્ર, નોર્થ ઝોન, ટી.પી. સ્કીમ નં.૦૩(કતારગામ), ફા.પ્લોટ નં.એમ–૦૫ ખાતે આવેલ સ્વીમીંગ પુલના એડમીનીસ્ટ્રેટીવ બિલ્ડીંગના હયાત મકાનને ઉતારી પાડી માલસામાન લઈ જઈ જમીન સમતલ કરી આપવાના કામે આવેલ કુલ–૭ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર આલ્ફા એન્ટરપ્રાઈઝની રૂા.૩,૧૧,૦૦૦/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૧૧–૨૦૨૪ નો પત્ર, નોર્થ ઝોન, ટી.પી. સ્કીમ નં.૧૮(કતારગામ), ફા.પ્લોટ નં.૧૩૪ ખાતે આવેલ વેડ રોડ અર્બન હેલ્થ સેન્ટર તથા અખંડ આનંદ વોર્ડ ઓફિસના હયાત મકાનને ઉતારી પાડી માલસામાન લઈ જઈ જમીન સમતલ કરી આપવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર મીર્ઝા ડિમોલીશનની રૂા.૬,૫૧,૦૯૨/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૯–૧૧–૨૦૨૪ નો પત્ર, સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિસ્તારમાં વોર્ડ નં.૮(ગોપીપુરા) (૧) મોપારાણાનો ખાંચો, વોર્ડ નં.૯(વાડી ફળિયા)(૧) મોટી હિંગપોળ હનુમાનદાદામંદિરગલી, ચૌટાબજાર, (૨) ઘંટીશેરી, લીમડાચોક અને વોર્ડ નં.૧૦(સોની ફળિયા) માં આવેલ (૧) ૧૦/૧૦૩૯ પાસે, લીમડી કુઈ, (૨) ૧૦/૯૪૯ પાસે, આમલીરાણ શેરી અને (૩) આંગીવાલા દુકાન સામેની ગલીમાં હયાત ડ્રેનેજ લાઈનને બદલવાનું કામ સ્થા.સ.ઠ.નં.૬૪૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટના ભાવો, શરતો અને સ્પેશીફીકેશનને આધિન એમ્પેનલ થયેલ કુલ–૪ ઈજારદારો (૧) આમીર પ્લમ્બરીંગ વર્કસ, (૨) ઓશન કોર્પોરેશન, (૩) જોગારામ એમ. સેન અને (૪) હિરેન કિશોરભાઈ સાપરીયા પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૩૦,૮૨,૭૭૮–૭૦ થી ૩૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૪૦,૦૭,૬૧૨–૩૧ ના ખર્ચે સોંપવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧૧–૨૦૨૪ નો પત્ર, સા.સ.ઠ.નં.૪૬૬/૨૦૨૨ થી સ્મીમેર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે કરારીય ધોરણે ઉપસ્થિત કરવામાં આવેલ બાયોમેડીકલ ઈજનેરની કુલ–૦૪ જગ્યાઓની મુદત પૂર્ણ થયેલ હોય, સદર કરારીય જગ્યાઓની મુદત ઠરાવ થયા તારીખથી વધુ ૧૧ માસ લંબાવવા અંગે નિર્ણય લેવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૧૯–૧૧–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના સા.સ.ઠ.નં.૩૮૪/૨૦૧૯ થી ટાઉન પ્લાનીંગ વિભાગ હસ્તક ચાલતા GIS Cell માટે કરારીય ધોરણે ઉપસ્થિત કરવામાં આવેલ GIS Analyst ની–૦૧ તથા GIS Technician ની–૦૧ મળી કુલ–૦૨ જગ્યાઓની મુદત તા.૧–૧૦–૨૦૨૪ ના રોજ પૂર્ણ થયેલ હોય, સદર કરારીય જગ્યાઓની મુદત દિન–૦૨ નો બ્રેક આપી તા.૪–૧૦–૨૦૨૪ થી વધુ ૧૧ માસ લંબાવવા અંગે નિર્ણય લેવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના વિવિધ ઝોન/ખાતા માટે ખરીદવા જોગ વિવિધ મશીનરી તથા વાહનો પૈકી ૧૦૦૦૦ લીટર કેપેસીટીના(નંગ–૨૦) વોટર ટેન્કર ખરીદવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર Shree Ambica Auto Sales and Service, Surat પાસેથી ૧૦૦૦૦ લીટર કેપેસીટીના વોટર ટેન્કર પ્રતિ નંગ રૂા.૩૬,૮૯,૪૦૭/– લેખે કુલ ૨૦ નંગ માટે કુલ રૂા.૭,૩૭,૮૮,૧૪૦/–(જી.એસ.ટી., ટ્રાન્સપોર્ટેશન ખર્ચ, આર.ટી.ઓ. પેટે થનાર ખર્ચ, સ્ટીકર–લોગો અંગે થતો ખર્ચ અને ઈન્સ્પેકશન ખર્ચ સહિત) ના ખર્ચે ખરીદવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા અને સુરત મહા.ના આજીવન રોડ ટેક્ષમાંથી મુકિત આપવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૯–૧૧–૨૦૨૪ નો પત્ર, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે મેડીસીન આઈ.સી.સી.યુ. વિભાગમાં સારવાર મેળવનાર દરખાસ્તના પરિશિષ્ટમાં જણાવેલ દર્દીઓને હોસ્પિટલ ચાર્જીસની રકમમાંથી ડીપોઝીટની રકમ બાદ જતા કોલમ નં.૫ માં જણાવેલ બાકી રહેતી રકમની માફી આપવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૧૧–૨૦૨૪ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે આઈ.સી.સી.યુ. વિભાગમાં સારવાર મેળવનાર દરખાસ્તના પત્રકમાં જણાવેલ કુલ–૪૫ દર્દીઓને હોસ્પિટલ ચાર્જીસની રકમમાંથી ડીપોઝીટની રકમ બાદ જતા કોલમ નં.૫ માં જણાવેલ બાકી રહેતી રકમની માફી આપવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૧૧–૨૦૨૪ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર મેળવનાર દરખાસ્તના પત્રકમાં જણાવેલ કુલ–૧૭ દર્દીઓને હોસ્પિટલ ચાર્જીસની રકમમાંથી ડીપોઝીટની રકમ બાદ જતા કોલમ નં.૫ માં જણાવેલ બાકી રહેતી રકમની માફી આપવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૧૧–૨૦૨૪ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર મેળવનાર દરખાસ્તના પત્રક (શહેરની હદ બહારના) માં જણાવેલ કુલ–૯૩ દર્દીઓને હોસ્પિટલ ચાર્જીસની રકમમાંથી ડીપોઝીટની રકમ બાદ જતા કોલમ નં.૫ માં જણાવેલ બાકી રહેતી રકમની માફી આપવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૯–૧૧–૨૦૨૪ નો પત્ર, સુરત મહા. ખાતે આઈ.સી.ડી.એસ. ઘટક–૧૦ ઉપસ્થિત કરવા તથા ઘટક ૧ થી ૧૦ નું મહેકમ શીડયુલ મંજુર કરવા અને દરખાસ્તના પત્રક–અ મુજબના સ્ટાફનો પગાર ખર્ચ ૧૦૦% સરકારશ્રીની ગ્રાન્ટમાંથી કરવા અંગે દરખાસ્તના મુદ્દા નં.૧ થી ૪ માં જણાવેલ વિગતે નિર્ણય લેવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૬. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૧૧–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૧(પરવટ –ગોડાદરા), પરવટ વિસ્તારમાં આવેલ ફા.પ્લોટ નં.૧૯૬(આર–૪) ખાતે આવેલ પાણીની જુની ટાંકી હયાત માર્કેટમાં મિલ્કતની સ્ક્રેપ વેલ્યુ રૂા.૧૭,૫૫૫/– મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના વિવિધ ઝોન/ખાતા માટે ખરીદવા જોગ વિવિધ મશીનરી તથા વાહનો પૈકી ૪૦૦૦ લીટર કેપેસીટીના(નંગ–૧૨) વોટર ટેન્કર ખરીદવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર Shree Ambica Auto Sales and Service, Surat પાસેથી ૪૦૦૦ લીટર કેપેસીટીના વોટર ટેન્કર પ્રતિ નંગ રૂા.૨૮,૯૨,૦૮૮/– લેખે કુલ ૧૨ નંગ કુલ રૂા.૩,૪૭,૦૫,૦૫૬/–(જી.એસ.ટી., ટ્રાન્સપોર્ટેશન ખર્ચ, આર.ટી.ઓ. પેટે થનાર ખર્ચ, સ્ટીકર–લોગો અંગે થતો ખર્ચ અને ઈન્સ્પેકશન ખર્ચ સહિત) ના ખર્ચે ખરીદવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા અને સુરત મહા.ના આજીવન રોડ ટેક્ષમાંથી મુકિત આપવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૫–૧૧–૨૦૨૪ નો પત્ર, સરકારશ્રીના તા.૧૪–૧૧–૨૦૨૪ ના જાહેરનામા તથા સ્થા.સ.ઠ.નં.૧૪૯૫ થી આનંદ ચૌદશની રજા આપવા અંગે થયેલ નીતિ વિષયક નિર્ણય ધ્યાને લેતા સને ૨૦૨૫ ના વર્ષ માટે ફાઈલમાં સામેલ પત્રક મુજબ કુલ–૨૦ જાહેર તહેવારની રજાઓ જાહેર કરવા (૫(પાંચ) રજા બીજા અને ચોથા શનિવારે તથા રવિવારે આવતી હોવાથી તે જાહેર તહેવારની રજા તરીકે જાહેર કરેલ નથી, પરંતુ આનંદ ચૌદશની રજા સંદર્ભે જે દિવસે ખરેખર ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિવસે રજા જાહેર કરેલ ગણવાની રહેશે.) તથા ૩૯ મરજીયાત રજાઓને મરજીયાત રજા તરીકે જાહેર કરવા (૧૧(અગિયાર) મરજીયાત રજાઓ બીજા અને ચોથા શનિવારે તથા રવિવારે આવતી હોવાથી મરજીયાત રજા જાહેર કરેલ નથી) અને મરજીયાત રજાઓ પૈકી વધુમાં વધુ બે રજાઓ કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક બાધ વિના ભોગવી શકે તેમ મંજુર કરવા તેમજ સરકારશ્રીના હુકમ અન્વયે જે દિવસે રજા જાહેર થાય ત્યારે તે મુજબ સુરત મહા.માં રજા આપવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૯. મ્યુ.ક.શ્રીનો તા.૧૬–૧૧–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૦૨(રૂસ્તમપુરા), નોંધ નં.૬૭૫(પી–૧૧ પબ્લીક યુટીલીટી સેન્ટર) રૂસ્તમપુરા વોર્ડ ઓફિસની સામે આવેલ ઓપન પ્લોટમાં "પે એન્ડ પાર્ક" પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર એ. આર. એન્ટરપ્રાઈઝની વાર્ષિક લાયસન્સ ફી ની ઓફર રકમ રૂા.૧,૭૩,૭૭૭/– મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

આ દે શ થી,
(signature)
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૨૫–૧૧–૨૦૨૪.

ANAHITA.